# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦


# પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનવર્સિટી, આણંદના સંશોધન કાર્ય સાથે સંકળાયેલ સર્વે વૈજ્ઞાનિકશ્રીઓ / અધિકારીશ્રીઓને જણાવવાનું કે આગામી એગ્રેસ્કો સબ કમીટીના રીપોર્ટ જે તે કમીટીની બેઠકના એક અઠવાડીયા પહેલા તૈયાર કરી દરેક સભ્યશ્રીઓને તેમજ નીચે સહી કરનારને મળે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. એગ્રેસ્કો સબ કમીટીની બેઠકોમાં જ્યારે કોઇ નવા ટેકનિકલ પ્રોગ્રામ, ભલામણ કે પાકની નવી જાતની રીલીઝ પ્રપોઝલ રજુ કરવામાં આવે છે ત્યારે તેમાં ઘણી વિગતો અધુરી હોય છે જેને પરિણામે એગ્રેસ્કો મીટીંગ દરમ્યાન બિન-જરૂરી ચર્ચા થતી હોય છે અને રજુઆતમાં ખોટો સમય વેડફાય છે. તેથી સબંધિત વૈજ્ઞાનિકોને તાકીદ કરવામાં આવે છે કે આગામી એગ્રેસ્કો સબ કમીટીમાં આ બાબતે આંકડાકીય માહિતી તેમજ અન્ય વિગતો પુરતી ચકાસણી કરી જે તે યુનિટ/સબ યુનિટ વડાશ્રી સાથે પુરતી પરામર્શ કર્યા બાદ જ એગ્રેસ્કો સબ કમીટીમાં રજુ કરવાની રહેશે. એગ્રેસ્કો સબ કમીટીના સમય દરમ્યાન દરેક સેન્ટરના અધિકારીઓ/વૈજ્ઞાનિકો સમયસર હાજર રહે અને ચર્ચામાં સક્રિયપણે ભાગ લે તેની કાળજી એગ્રેસ્કો સબ કમીટીના સબંધિત કન્વીનરે રાખવાની રહેશે. એગ્રેસ્કો સબ-કમીટીના કોઇપણ સભ્ય નીચે સહી કરનારની પૂર્વ મંજુરી વિના ગેરહાજર રહી શકશે નહિ.

વધુમાં જણાવવાનું કે પેટા કેન્દ્રો ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ કે જે એગ્રેસ્કો મીટીંગમાં હાજર રહેવાના છે તેઓએ રાત્રિના જે તે સેન્ટર પર પરત ન જતા આણંદ ખાતે ફરજીયાત રાત્રિ-રોકાણ કરવાનું રહેશે. આ અંગેની જાણ તેઓએ જે તે એગ્રેસ્કો સબ કમીટીના કન્વીનરશ્રી તેમજ ગેસ્ટ હાઉસમાં અગાઉથી કરવાની રહેશે.

જા.નં. આકૃયુ/સં.નિ./ટી-૩/ ૧૦૮૮૦ /૨૦૨૨
તા. : ૧૦ .૦૧.૨૦૨૨

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

*નકલ રવાના પ્રતિ, :*

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ અમલવારી તથા જાણ કરવા સારૂ.
૩. કન્વીનરશ્રી, સંબંધીત એગ્રેસ્કો- સબ કમીટી તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.
૪. કાર્યપાલક ઇજનેરશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ સંબંધીત એગ્રેસ્કો સબ કમિટીની બેઠકમાં પેટા કેન્દ્ર પરથી આવનાર વૈજ્ઞાનિકશ્રીઓને ગેસ્ટ હાઉસમાં રૂમ ફાળવવા ઘટતુ થવા સારૂ.

DINBANDHU

# સંશોધન નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

# પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબયુનિટ અધિકારીઓને જણાવવાનું કે ૧૭મી એગ્રસ્કો સબ-કમિટી, જોઇન્ટ એગ્રેસ્કો અને કમ્બાઇન જોઇન્ટ એગ્રેસ્કો મીટીંગની પ્રોસીડીંગનો સંપૂર્ણ અભ્યાસ કરી Inaugural, Technical અને Plenary Sessions દરમ્યાન આપના હસ્તકના વિભાગો માટે ચર્ચા થયેલ મુદ્દાઓ / નવા તાંત્રીક પ્રોગ્રામો પરના એકશન ટેકન આપની કક્ષાએથી મંગાવી કંપાઇલ કરી આગામી એગ્રસ્કો સબ-કમિટીમાં રજૂ કરવા જે તે ગ્રુપની એગ્રસ્કો સબ-કમિટીના કન્વીનરને સમયમર્યાદામાં મોકલવાના થાય છે. આ અંગે અત્યાર સુધી જો કોઇ કાર્યવાહી થયેલ ન હોય તો સત્વરે બિનચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી આ અંગે અંગત રસ લઇને સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવા સર્વેને જાણ કરવામાં આવે છે.

જા.નં. આકૃયુ/સં.નિ./ટી-૩/ ૧૦૮૮૯ /૨૦૨૨
તા. : ૧૦ /૦૧/૨૦૨૨

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના:</u>

માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ

<u>નકલ રવાના:</u>

૧. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી થવા સારૂ
૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રેસ્કો સબ કમિટીના તમામ કન્વીનરો તરફ જાણ તેમજ યુનિટ અધિકારીશ્રીઓ તરફથી આવેલ એકશન ટેકન આગામી એગ્રેસ્કો સબ કમિટીમાં રજૂ કરવા અંગે જરૂરી કાર્યવાહી થવા સારૂ

# સંશોધન નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

# પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે આપના વિભાગ/કેન્દ્ર ખાતેથી આગામી એગ્રેસ્કોમાં રજૂ કરવાના થતાં નવા ટેકનીકલ પ્રોગ્રામો હાલમાં ખેડૂતો તરફથી મળેલ ફિડબેક તેમજ જે તે વિષયને લગતા નવા અખતરાઓ ઉપર સંશોધનની જરૂરીયાતોને ધ્યાને લઇ આપના યુનિટ અધિકારી સાથે તેમજ અન્ય સ્ટાફ સાથે ચર્ચા કર્યા બાદ તૈયાર કરવાના રહેશે. આ ટેકનીકલ પ્રોગ્રામો તૈયાર કર્યા બાદ સ્ટેટેસ્ટીકલ ડિઝાઇન માટે પ્રાધ્યાપક અને વડાશ્રી, આંકડાશાશસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ સાથે પરામર્શ કરીને ત્યાર બાદ જ જે તે એગ્રેસ્કોમા રજુ કરવાના રહેશે. આ ઉપરાંત જણાવવાનું કે યુનિટ/સબ યુનિટ કક્ષાએ હાલની તકે ઉપલબ્ધ શિક્ષકો/વૈજ્ઞાનિકોની સંખ્યાને ધ્યાનમાં રાખીને કેટલા પ્રોગ્રામો કાર્યરત છે તેના કાર્યભારણને લક્ષમાં લઇને દરેક પાસે પૂરતા પ્રમાણમાં સંશોધનના કાર્યક્રમો કાર્યરત રહે તે પણ જોવાનું રહેશે.

સવિશેષ જણાવવાનું કે જે તે યુનિટ/સબ યુનિટ કક્ષાએ નવી ભલામણો રજૂ કરવાની થતી હોય તે માટે યુનિટ/સબ યુનિટ કક્ષાએ જે તે વિષયના નિષ્ણાંતો ઉપલબ્ધ ન હોય ત્યારે તે કેન્દ્રના વડાશ્રીએ ભલામણ કરવાની થતી હોય તેની પ્રપોઝલ તૈયાર કરીને જે તે એગ્રેસ્કોના કન્વીનર સાથે ચર્ચા કર્યા બાદ જરૂર જણાય તો જે તે વિષયના પ્રાધ્યાપક અને વડાશ્રી સાથે અને આંકડાકીય બાબતો માટે પ્રાધ્યાપક અને વડાશ્રી, આંકડાશાસ્ત્ર વિભાગ સાથે પરામર્શ કરીને ત્યાર બાદ જ એગ્રેસ્કોમાં નવી ભલામણ મૂકવાની રહેશે.

આ ઉપરાંત જે તે પાકની નવી જાતો રીલીઝ કરવાની થતી હોય તેની પ્રપોઝલો નવા પ્રફોર્મામાં તૈયાર કરીને ક્રોપ ઇમ્પ્રુવમેન્ટ સબ કમીટીના કન્વીનર સાથે પરામર્શ કર્યા બાદ તેની ચર્ચા નીચે સહી કરનાર સાથે કર્યા બાદ એગ્રેસ્કોમા મૂકવાની રહેશે. નવી ભલામણ કરવાની થતી પાકની વિવિધ જાતો તેમજ અન્ય ભલામણોના ફોટાઓ અંકુશ જાત/કંટ્રોલ સાથે સરખામણી થઇ શકે તે રીતે ફરજીયાત મૂકવાના રહેશે.

ઉપરોકત બાબતોનો ચુસ્ત પણે અમલ થાય તે માટે યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓ તેમજ શિક્ષકો/વિજ્ઞાનિકોને જણાવવામાં આવે છે.

જા.નં. આકૃયુ/સં.નિ./ટી-૩/ ૧૦૮૮૨ /૨૦૨૨

તા. :૧૦.૦૧.૨૦૨૨

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

*નકલ રવાના પ્રતિ, :*

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ

૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ દરેક શિક્ષકો/વૈજ્ઞાનિકોને અમલવારી કરવા સારૂ

DINBANDHU

# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦


વંચાણે:- અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. AAU/DR/RES/T-3/10657/2022, Date-01/01/2022

## પરિપત્ર

ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની જુદી જુદી એગ્રેસ્કો સબ કમિટીની મીટીંગોનો વિગતવાર કાર્યક્રમ નિર્ધારીત થયેલ છે. આ એગ્રેસ્કો મીટીંગોની તારીખો દરમ્યાન વર્કશોપ, સેમીનાર, સિમ્પોઝીયમ, ટ્રેનીંગ તેમજ અન્ય કોઇ આયોજન કરવું નહીં. તેમજ આ દરમ્યાન કોઇપણ અધિકારી/વૈજ્ઞાનિકને સેમીનાર, સિમ્પોઝીયમ, વર્કશોપ, ટ્રેનીંગ પ્રોગ્રામમાં ભાગ લેવા માટેની દરખાસ્ત મોકલવી નહીં. જરૂરીયાત મુજબ ખાસ કિસ્સામાં જ આવી દરખાસ્ત અત્રેની કચેરીની પૂર્વ સંમતિ માટે મોકલવાની રહેશે.

જા.નં. આકૃયુ/સં.નિ./ટી-૩/ ૧૦૯૨૨ /૨૦૨૨
તા. ૧૦.૦૧.૨૦૨૨

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

*નકલ રવાના પ્રતિ,*

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રેસ્કો સબ કમીટીના કન્વીનરશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય ઘટતી કાર્યવાહી સારૂ.
૩. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય ઘટતી કાર્યવાહી સારૂ.

DINBANDHU